જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા૦૨/૦૮/૨૦૧૯ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ અને ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૬,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૦૦/૧૯

**નિકોલઃ** યશભાઇ અશ્વીનભાઇ ત્રાંબડીયા (રહે.શ્યામ આર્કેડ ગંગોત્રી સર્કેલ પાસે નિકોલ) એ તા.૧/૮/૧૯ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧/૧૯ ના કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) નીતીનકુમાર સીંગ ફોન નંબર ૮૪૨૦૮૭૧૯૯૭ (૨) એંકલવ બ્રાંચ આગરાના ખાતા નંબર ૭૬૨૯૨૦૧૧૦૦૦૦૦૯૪ નો ધારક તથા (૩) બેંક ઓફ ઇંડીયા એમ.સી.બી. શાખા આગરા ના ખાતા નંબર ૭૨૫૯૧૦૧૧૦૦૦૨૩૧૩ નો ધારક) (જેમના પુરા નામ-સરનામા જાણવા મળેલ નથી તે) ભેગામળી એમઝોન કંપનીની ઓનલાઇન ખરીદ કરવાની વેબસાઇટનું ખોટુ પેઝ બનાવી તેના મારફતે યશભાઇનો ફોન નંબર મેળવી, મોબાઇલ ઉપર "એમઝોન કંપનીનો ડીસ્પેચ મનેજર બોલુ છુ" તેમ જણાવી વિશ્વાસમાં લઇ, બર્નર ગેસ સગડી નું ઓન લાઇન પેમેન્ટ કરવાનું જણાવી, અલગ-અલગ ટ્રાંજેકશન મળી કુલ રૂપિયા ૧,૧૪,૨૮૮/- તથા તેમના પિતાના એસ.બીઆઇ. બેંક દહેગામ શાખાના ખાતામાંથી એક ટ્રાંજેકશન મારફતે રૂપીયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૪,૨૮૮/- ટ્રાન્સફર કરી, યશભાઇ સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.

**માધવપુરા** : ધર્મેન્દ્રભાઇ પોપટલાલ રામી (ઉ.વ.૪૯)(જીટીપીએલ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર)(રહે.નંદ બંગ્લોઝ નોબલ સ્કુલની બાજુમા કૃષ્ણનગર) એ તા.૧/૮/૧૯ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ ખાતે આવેલ જી.ટી.પી.એલ ની ઓફીસ ખાતે આરોપી (૧) વેંકેટ્સાઇ મીડીયા પ્રા..લી (VSN) તથા (૨) રાજશેખર ચીલન કલી (બંને રહે. દરવાજા નંબર- ૮-૨-૬૮૬/૭/૧૦/એ/3 રસ્તા નંબર-૧૨ વેંગાલરાઓ બસ સ્ટેશન પાસે બજરંગ હીલ હૈદરાબાદ- ૩૦૦૦૩૪ તેલંગાણા) નાઓએ ભેગામળી એમ.ઓ.યુ. કરી, ઓફીસના સાધનો તથા ચેનલ વ્યવસાયના વપરાતા તમામ સાધનો ધર્મેન્દ્રભાઇ ને વેચાણ આપવાના એગ્રીમેંટ માં જણાવ્યા પ્રમાણે કુલ રૂપિયા ૨,૬૯,૫૯,૭૦૩/- મેળવી લઇ, માલ આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી, એગ્રીમેંટ કરેલ હોવા છતા આજદીન સુધી સાધનો કે રૂપિયા નહી ચૂકવી ધર્મેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એન.રબારી ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૦૧/૧૯</u>**

**સોલા હાઇકોર્ટ** : શિખરભાઇ વિપીનભાઇ જૈન (ઉ.વ.૨૪)(રહે.સેવી સ્વરાજ, ફેઝ-૦૧, જગતપુર) એ તા.૧/૮/૨૦૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૧૯ સાંજના ૬/૦૦ થી તા.૨૨/૦૭/૨૦૧૯ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન એરીસ્ટો બ્લિસ નામની સાઇડ ના પહેલા માળે આવેલ ગોડાઉનના પાછળની બારી તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડાઉનમાંથી KEI MAKE WIRE ની અલગ-અલગ સાઇઝની કુલ નંગ-૧૯૨ કોયલ આશરે કુલ કિંમત રૂપિયા ૧,૮૪,૧૦૦/- મતાની ચોરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**દાણીલીમડા** : રમેશભાઇ માધાભાઇ પરમાર (ઉ.વ.૫૦)(રહે.પરીક્ષિતલાલનગર સ્લમ ક્વાટર્સ બહેરામપુરા દાણીલીમડા) એ તા.૧/૮/૨૦૧૯ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૧૯ સાંજના ૫/૦૦ થી તા.૨૯/૦૭/૨૦૧૯ ના કલાક ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના બંધ મકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૧૬,૭૪૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ગામીત ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૦૨/૧૯</u>**

**મણીનગર** : બ્રીજગોપાલ હારીત કૈલાશનારાયણ શર્મા (ઉ.વ.૫૧)(રહે.નીલકંઠ વીલા, બોપલ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૭/૧૯ ના કલાક: ૧૧/૨૦ વાગ્યાના સુમારે મણીનગર ખાતે આવેલ બેંન્ક ઓફ બરોડાના કેશ કાઉન્ટરના ડ્રોવરમાંથી આશરે પાંચેક જેટલા અજાણ્યા ઇસમોએ ભેગામળી કેશીયરની નજર ચુકવી ડ્રોવરમા પડેલ ૫૦૦ ના દરના ૦૯ બંડલ કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.બાવીસ્કર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૦૩/૧૯**

**વટવાઃ** રાજપાલ રઘુનંદનભાઇ ગડરીયા (ઉ.વ.૩૩) (રહે. ભગવતીનગર કેદારમ સામે, બીબી મરીયમ દરગાહ રોડ, બચુભાઇનો કુવો વટવા) તા.૩૧/૦૭/૧૯ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે દુકાનનુ શટર બંધ કરવા જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનલાલ ચલાવે છે.

**મકાનના સ્લેબ નીચે દટાઇ જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૦૪/૧૯**

**વસ્ત્રાપુરઃ** વસ્ત્રાપુર ગામ રબારીવાસ ગોપલ ડેરી ફાર્મ ખાતે રહેતા હરીશ ગીરધારી રબારી (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ.સેમાળી તા.સરકા, જિ.ઉદેપુર રાજસ્થાન) તા.૦૧/૦૮/૧૯ નારોજ પોતાના ઘરે સુતા હતા ત્યારે ત્યારે મકાનનો સ્લેબ તુટી પડતા હરીશ રબારીને માથામાં ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સ્ટર્લીગ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધારસિભાઈ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૦૫/૧૯**

**વાડજઃ** બરખાબહેન મહેશભાઇ ખેમચંદાણી (ઉ.વ.૪૪) (રહે.ઉધ્ધવનગર ઝુલેલાલ મંદિરની બાજુમાં સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૧૯ કલાક ૧/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** સુશિલાબહેન ભરતભાઇ વાળા (ઉ.વ.૪૨) (રહે.જવાહરચોક રામદેવપુરા સાબરમત્તી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૧૯ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર સરદારબ્રીજ હેલ્થ સ્ટફ કવાર્ટ્સ બ્લોક નં-૬ રૂમનં-૧૩૨ ખાતે પોતાની જાતે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણસિંહ અભેસિંહ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** ભાવનાબહેન વા/ઓ રામરાજ તીવારી (ઉ.વ.૩૧) (રહે. સીતાબાઇની ચાલી ઉત્તમ ડેરી પાસે સુખરામનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૧૯ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**વટવા:** તસ્લીમબાનુ ડો/ઓ મોહમદઅનવર અંસારી (ઉ.વ.૧૫) (રહે શ્યામા પ્રસાદ મુખર્જીનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૧૯ બપોરના ૧/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. પી.એમ.દેસાઇ ચલાવે છે.

**દાણીલીમડા:** નિલેશકુમાર શંકરભાઇ પરમાર (રહે. ઉતમનગર રો હાઉસ અર્બન હેલ્થ સેન્ટર પાછળ દાણીલીમડા) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૮/૧૯ બપોરના ૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં શર્ટ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. એમ.જે. કુરેશી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.